રજુ તારીખ : ૦૬/૦૩/૨૦૨૬
દાખલ તારીખ : ૦૬/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૩/૦૩/૨૦૨૬
અવધિ : <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u>
૦૦ ૦૦ ૦૭

**આંક–** ૦૬

---

**ભાવનગરના મે.૩'જા એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૪૨૯/૨૦૨૬**

---

**અરજદારો – (૧) રાહુલભાઇ વસ્તાભાઇ લેલા,**
ઉ.વ.આ.૨૬, ધંધો–પશુપાલન,
રહે. પ્લોટ વિસ્તાર, ભુતીયા ગામ,
તા.સિહોર, જી.ભાવનગર.

**(૨) ભીમાભાઇ રામાભાઇ ગલાણી,**
ઉ.વ.આ.૪૯, ધંધો–ડ્રાઇવીંગ,
રહે. મું. ગઢુલા, તા.સિહોર,
જી.ભાવનગર.
હાલ બંન્ને – જિલ્લા જેલ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા– શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદારો/આરોપીઓ તરફે વિ.વ.શ્રી એચ.પી.સાટીયા.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.

---

**<u>:: જજમેન્ટ ::</u>**

(૧) અરજદારો/આરોપીઓ તરફે સોનગઢ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૪૮૨૬૦૦૪૨/૨૦૨૬ બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૮(૨), ૩૫૨, ૩૫૧(૩), ૧૮૯(૨), ૧૮૯(૩), ૧૮૯(૪), ૧૯૧(૧), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૩૨૯(૩),

૬૧(૨)(એ) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના નોંધાયેલ ગુનાના કામે રેગ્યુલર જામીન પર મુકત કરવા માટે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર થયેલ છે. અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર તથા અરજદારો/આરોપીઓ તરફે વિ.વ.શ્રી એચ.પી.સાટીયાની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદારો/આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામના અરજદારો/આરોપીઓએ કોઇ ગુન્હો કરેલ નથી અને ખોટી રીતે સદર ગુન્હાના કામે સંડોવી દેવામાં આવેલ છે. ફરિયાદ બાર કલાક મોડી કરવામાં આવેલ છે અને ફરિયાદ મોડી કરવાનું કોઇ કારણ જણાવેલ નથી. ફરિયાદ આફટર થોટ છે. ફરિયાદ હકીકત ધ્યાને લેવામાં આવે તો આ કામના અરજદારો/આરોપીઓએ ફરિયાદીને કોઇ હથિયાર વડે ઇજા કરેલ હોય તેવો કોઇ બનાવ બનેલ નથી. અરજદારો/આરોપીઓને ખોટી રીતે ગુન્હામાં સંડોવી દેવાના આશયથી ખોટા આક્ષેપો કરેલ છે. ફરિયાદીને ઢીકાપાટુથી ઇજા કરેલ હોવાના આક્ષેપો છે અને ફરિયાદી ભયમુકત છે. સદર ગુન્હાના કામે મોટા ભાગની તપાસ પૂર્ણ થઇ ગયેલ છે અને લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લેવાઇ ગયેલ છે. મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલી આપવામાં આવેલ છે. જેથી ફરિયાદપક્ષના સાહેદ કે પુરાવા સાથે હેમ્પરવીથ કે ટેમ્પરવીથ કરવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદારો/આરોપીઓ પાસેથી કોઇ રીકવરી કે ડિસ્કવરી કરવાની બાકી રહેતી નથી. અરજદાર/આરોપી નં.૧ નાની વયના છે અને અરજદાર/આરોપી નં.ર વયોવૃધ્ધ છે. જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. અરજદારો/આરોપીઓ કુટુંબ કબીલાવાળા માણસ છે અને તેઓ ઉપર તેમના પરિવારના ભરણપોષણની જવાબદારી છે. અરજદારો/આરોપીઓ અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી ભાગી જાય તેવા ઇસમ નથી. અરજદારો/આરોપીઓ કોઇ ગુન્હાહિત ભુતકાળ ધરાવતા નથી. તેમજ નામ. કોર્ટ ફરમાવે તે તમામ

શરતોનું પાલન કરવા ખુશી છે. તે તમામ સંજોગોમાં, અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમારએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદારો/આરોપીઓ સામે બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૮(૨), ૩૫૨, ૩૫૧(૩), ૧૮૯(૨), ૧૮૯(૩), ૧૮૯(૪), ૧૯૧(૧), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૩૨૯(૩), ૬૧(૨)(એ) તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. અરજદારો/આરોપીઓ સામે પ્રથમદર્શનીય કેસ છે. આથી ગુન્હાની ગંભીરતા ધ્યાને લેતાં, તેમજ હાલના ગુન્હાના કામે અરજદારો/આરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી આ પ્રકારનો બનાવ બનવાની શકયતા રહેલી હોય તથા સમાજમાં તેની અવળી અસર પડે તેમ હોય, તે તમામ સંજોગોમાં, અરજદારો/આરોપીઓની જામીન અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. બંન્ને પક્ષોના વિ.વ.શ્રીઓની રજુઆતો ધ્યાને લીધી. તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લીધું. આ કામે અરજદારો/આરોપીઓ સામે સોનગઢ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૪૮૨૬૦૦૪૨/૨૦૨૬ બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૮(૨), ૩૫૨, ૩૫૧(૩), ૧૮૯(૨), ૧૮૯(૩), ૧૮૯(૪), ૧૯૧(૧), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૩૨૯(૩), ૬૧(૨)(એ) તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. વધુમાં, આ કામે ફરિયાદ હકીકત વંચાણે લેતાં, આ કામના અરજદારો/આરોપીઓનું ફરિયાદમાં નામ દર્શાવેલ નથી અને અજાણ્યા ઈસમ તરીકે દર્શાવવામાં આવેલ છે. તેમજ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના ફરિયાદી ઈકો ગાડી લઇ ભાડે ગયેલ હોય અને વિપુલભાઇનું ભાડુ કેમ કરેલ તે બાબતની દાઝ રાખી આ કામના અરજદારો/આરોપીઓ તથા સહઆરોપીઓએ અગાઉથી કાવત્રુ રચી, એક સંપ કરી છરી તથા લાકડી જેવા હથિયારો સાથે પીછો કરી, ઘરમાં પ્રવેશ કરી, ગંભીર તથા મુંઢ ઈજાઓ કરી, ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપી સમાન ઈરાદો રાખી ગેરકાયદેસરની મંડળી રચી

હુમલો કરી, મે. જિલ્લા મેજી.શ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોવાના આક્ષેપો છે. તેમજ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદારો/આરોપીઓનો રોલ ધ્યાને લેવામાં આવે તો, આ કામના અરજદાર/આરોપી નં.૧ તથા ૨ તથા આરોપીઓ ગઢુલા ગામ, ઝરીયા જવાના રસ્તે ઉભેલ હતા, જેમાં અરજદાર/આરોપી નં.૧ નાઓ લાકડી લઈને ઉભેલ હતા અને અરજદાર/આરોપી નં.૨ નાઓ પોતાની ૪૦૭ ટેમ્પો લઈને ઉભેલ હતા જે ટેમ્પો આડો નાખવા અરજદાર/આરોપી નં.૧ જણાવતા ફરિયાદી સ્પીડથી પોતાની ઇકકો ગાડી લઇને નીકળી ગયેલ હતા અને અરજદાર/આરોપી નં.૧ નાઓ ભુતીયા ગામમાં ઘનશ્યામભાઈના ઘરે મારા મારી કરતા હોવાના અને અરજદાર/આરોપી નં.૧ નાએ લાકડી વડે ઈજા પામનારને ડાબા પડખાના ભાગે એક ઘા મારતા ઈજા કરેલ હોવાના આક્ષેપો છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. પરંતુ, અરજદાર/આરોપી કોઇ ગુન્હાહિત ભુતકાળ ધરાવતા નથી. તેમજ સદર ગુન્હાના કામે તપાસ પૂર્ણ થયા બાદ ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. અરજદારો/આરોપીઓને જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. વધુમાં, અરજદારો/આરોપીઓ કુટુંબ કબીલાવાળા જવાબદાર માણસ છે અને અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે. તેમજ અરજદારો/આરોપીઓ કયાંય નાસી–ભાગી જાય તેમ ન હોવાની અને કોર્ટ જે કાંઇ શરતો ફરમાવશે તેનું પાલન કરવાની અને ટ્રાયલ સમય હાજર રહેવાની ખાત્રી આપે છે. તેમજ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેમની દલીલમાં જે ભયસ્થાનો દર્શાવેલ છે તે અંગે હાલના કામે યોગ્ય શરતો લાદી નિવારી શકાય તેમ છે. તે તમામ સંજોગોમાં, હાલના અરજદારો/ આરોપીઓનો સદર ગુન્હાના કામે રોલ તથા અરજદારો/આરોપીઓને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવાપાત્ર તમામ પાસાઓ તથા અરજદારો/આરોપીઓ સામેના આક્ષેપિત ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ તથા નામ. ઉચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં, હાલના તબકકે અરજદારો/આરોપીઓને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવાનું યોગ્ય જણાય છે. જેથી અરજદારો/આરોપીઓની તરફેણમાં વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરવાનું

ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના અરજદારો/આરોપીઓની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર/આરોપી નં.૧ રાહુલભાઈ વસ્તાભાઈ લેલા, રહે. પ્લોટ વિસ્તાર, ભુતીયા ગામ, તા.સિહોર, જી.ભાવનગર તથા અરજદાર/આરોપી નં.ર ભીમાભાઈ રામાભાઈ ગલાણી, રહે. મું. ગઢુલા, તા.સિહોર, જી.ભાવનગરનાઓને સોનગઢ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૪૮૨૬૦૦૪૨/૨૦૨૬ બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૮(૨), ૩૫૨, ૩૫૧(૩), ૧૮૯(૨), ૧૮૯(૩), ૧૮૯(૪), ૧૯૧(૧), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૩૨૯(૩), ૬૧(૨)(એ) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુન્હાના કામે પ્રત્યેક અરજદાર/આરોપીએ રૂા.૨૫,૦૦૦/–(અંકે રુપિયા પચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન પર મુકત કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદારો/આરોપીઓએ ફરિયાદપક્ષના પુરાવા સાથે સીધી કે આડકતરી રીતે ચેડા કરવા નહીં કે સાક્ષીઓને ધાક ધમકી, પ્રલોભન કે લાલચ આપવી નહીં.

(૨) અરજદારો/આરોપીઓએ ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૩) અરજદારો/આરોપીઓએ તપાસ કરનાર અમલદાર તથા ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાનું કાયમી રહેણાંકનું સાચુ સરનામું તથા મોબાઈલ નંબર રજુ કરવા અને ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર સરનામું બદલવું નહીં.

(૪) અરજદારો/આરોપીઓ પાસે જો પાસપોર્ટ હોય તો તેઓએ અસલ પાસપોર્ટ સંબંધિત ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને

જો પાસપોર્ટ ન હોય તો સોગંદનામાથી અદાલતમાં જાહેર કરવું.

(૫) અરજદારો/આરોપીઓએ આ પ્રકારના કોઇપણ ગુન્હાહિત કૃત્યમાં પોતાની જાતને સંડોવવી નહીં.

(૬) અરજદારો/આરોપીઓએ કોર્ટમાં ચાર્જશીટ દાખલ થતાં સુધી દર મહિનાની પહેલી અને પંદરમી તારીખે સવારના કલાક ૧૧–૦૦ થી બપોરના કલાક ૧૪–૦૦ સુધીમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

(૭) અરજદારો/આરોપીઓ ઉપરોકત શરતો પૈકી કોઇપણ શરતનો ભંગ કરશે તો તેઓના જામીન આપોઆપ રદ થયેલા ગણાશે.

(૩) અરજદારો/આરોપીઓએ જામીન ટ્રાયલ કોર્ટમાં રજુ કરવા.

(૪) આ હુકમની યાદી સંબંધિત ટ્રાયલ કોર્ટ તથા પોલીસ સ્ટેશનને કરવી.

આજરોજ તા.૧૩'મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૧૩/૦૩/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
૩'જા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693